# ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ

નંબર:ફજદ/વશી.૫૦૪૨-૫૦૮૦/૨૦૧૯

તા.૩૧/૦૮/૨૦૧૯

મને જણાવવામાં /બતાવવામાં આવેલ છે કે, પોલીસ અધિક્ષકશ્રી.ડાંગ-આહવાની તા.૨૬/૦૮/૨૦૧૯ની દરખાસ્ત મુજબ વેબ ડિઝાઇન કરવામાં આવેલ પથિક(Programme for analisis of travelers and hotel informatics) સોફટવેરનું અમદાવાદ શહેર,ક્રાઇમ બ્રાંચ ખાતે સર્વર કાર્યરત છે. આ સોફટવેરમાં હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની માહિતીની હોટલ ખાતેથી ઇન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનું સિક્યોર વેબ પોર્ટલ બનાવવામાં આવ્યું છે. ક્રાઇમ બ્રાંચના આ સોફટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ ક્રાઇમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આ સોફટવેર કોઇપણ હોટલમાં ઇન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂર નથી. પરંતુ મુખ્ય કાર્યાલય દ્વારા જે તે હોટલ રજીસ્ટ્રેશન લગત માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ યુઝરનેમ પાસવર્ડ આપતા જ હોટલ આ સિસ્ટમ સાથે જોડાઇ જાય છે. જેના આધારે હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ થઇ જાય છે.

"પથિક"સોફટવેરના અમલીકરણનું મુખ્ય કારણ સાંપ્રત સમયમાં બનતા ગુન્હા/આતંકવાદી ઘટનાઓને અટકાવવા તેમજ આકસ્મિક સમયે કાયદો અને વ્યવસ્થા સાચવવાના સંજોગોમાં તમામ હોટલોને એકસાથે એક કરવાની મેન્યુઅલી કામગીરીને પહોંચી વળવાનું છે. રાજયના તમામ શહેર અને જિલ્લા ખાતે આ સોફટવેરનો ઉપયોગ કરવામાં આવે તો આંતરરાજય તેમજ આંતર જિલ્લાના ગુન્હેગારો તેમજ આંતકવાદ જેવા ગંભીર બનાવોને અટકાવી શકાય. તેમજ ગુન્હઓ શોધવા માટે સમગ્ર રાજયની પોલીસ સંકલનમાં રહી ખુબજ ઓછા સમયમાં પરિણામલક્ષી કામગીરી કરી શકે.

તેથી હું ટી.કે.ડામોર(જી.એ.એસ.)અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આજથી તા.૩૧/૦૮/૨૦૧૯ ના રોજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે નીચેની વિગતે હુકમ કરૂ છું.

(૧) જિલ્લામાં આવેલ તમામ હોટલો, લોજ, ગેસ્ટ હાઉસ અને અન્ય જગ્યા ઉપર જે માણસો આવીને રોકાણ કરે છે તેમના નામ, સરનામા, મોબાઇલ/ફોન નંબર ઉપરાંત જે મુસાફરો રાત્રી રોકાણમાં આવે છે તે જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, વાહન રજીસ્ટ્રેશન નંબર તથા પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલા હોય તો તે મુજબની તમામ વિગતો તેમજ તેમના ઓળખાણના પુરાવા મેળવી તેની નોંધ પથિક સોફટવેરમાં ફરજીયાત ઓનલાઇન ચઢાવવાની રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૩૧/૦૮/૨૦૧૯ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

(ટી.કે.ડામોર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ– આહવા